# સ્કૂલ કબડ્ડી લીગમાં સી.એન.કિશોર વિદ્યાલયનો 41 પોઇન્ટથી વિજય

**Kabaddi**



• પ્રીમિયર સ્કૂલ કબડ્ડી લીગમાં રમી રહેલા સ્કૂલના કબડ્ડીના ખેલાડીઓ

સિટીના ધ એરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાયેલી પ્રીમિયર સ્કૂલ કબડ્ડી લીગમાં ઉદગમ સ્કૂલ, ગંગાબા સ્કૂલ, રચના સ્કૂલ અને બી.જે. તોમર હિન્દી શાળા સેમિફાઇનલમાં પહોંચ્યા છે. ઉદગમ સ્કૂલે અપોલો ઇન્ટરનેશનલ સ્કૂલને 62-33થી હરાવીને ક્વાટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ગંગાબા સ્કૂલ અને પ્રગતિ સ્કૂલની મેચમાં પ્રગતિ સ્કૂલે 40-34 પોઇન્ટથી હાર મેળવી હતી. રચના સ્કૂલે કુમકુમ સ્કૂલને 76-39 પોઇન્ટથી હરાવી ક્વાટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બી.જે.તોમર હિન્દી પ્રાથમિક શાળાએ સીએન કિશોર વિદ્યાલયને 62-21 પોઇન્ટથી હરાવી વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત ઉદગમ સ્કૂલ, દિવાન બલ્લુભાઇ ઇંગ્લિશ સ્કૂલ, દિવાન બલ્લુભાઇ સ્ટેટ સ્કૂલ અને એસ.કે.તિવારી સ્કૂલની ટીમોએ વિજેતા બની ક્વાટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.